**Gujarat Pollution Control Board**
**“Paryavaran Bhavan”, Sector-10-A**
**Gandhinagar – 382010, Gujarat**

# પરિપત્ર

**વિષય:** રિવોકેશનની અરજી સાથે રજૂ કરવાના થતા જરૂરી દસ્તાવેજો બાબત.

**સંદર્ભ:**

(૧) રિવોકેશનની અરજી માટેનું ફોર્મેટ **Form No. D7 (Application for revocation of closure order)**

(૨) તા. ૦૯/૧૧/૨૦૨૩ ના રોજનો અકસ્માત સંબંધિત કેસમાં રિવોકેશન માટેના દસ્તાવેજો રજૂ કરવા બાબતનો કાર્યાલય આદેશ

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિવિધ પર્યાવરણીય કાયદાઓના ઉલ્લંઘન બદલ ઔદ્યોગિક એકમો વિરુદ્ધ 'ક્લોઝર ડાયરેક્શન' (બંધ કરવાનો હુકમ) જારી કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમો દ્વારા આ હુકમ રદ કરવા (રિવોકેશન મેળવવા) માટે જરૂરી દસ્તાવેજો સાથે ઓનલાઇન અરજી કરવામાં આવે છે, જેની બોર્ડની પ્રાદેશિક કચેરીઓ દ્વારા ચકાસણી (Scrutiny) કરવામાં આવે છે. અત્યાર સુધી બોર્ડ દ્વારા **Form No. D7 (Application for revocation of closure order)** મુજબ દસ્તાવેજો સ્વીકારવાની પધ્ધતિ અમલવારીમાં હતી.

સદર રિવોકેશનની પ્રક્રિયાને વધુ સરળીકરણ કરવાના હેતુથી હવે પછી સંદર્ભમાં દર્શાવેલ સંદર્ભ ન. ૧ તથા ૨ ના પરિપત્ર રદ કરી રિવોકેશન માટે અરજદારે બોર્ડના XGN 2.0 પોર્ટલમાં નીચે મુજબના દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

1. કોમ્પ્લાયન્સ રીપોર્ટ: ક્લોઝર હુકમમાં દર્શાવેલ ક્લોઝરના કારણો અને સૂચનાઓ/ડાયરેકશનનો મુદ્દાવાર કોમ્પ્લાયન્સ રીપોર્ટ, જરૂરી આધાર-પુરાવાઓ સાથે કંપનીના લેટરહેડ પર ઓથોરાઈઝડ વ્યક્તિ દ્વારા સ્વપ્રમાણિત બાંહેધરીપત્ર સ્વરૂપે રજૂ કરવાનો રહેશે. (જેના માટેનું ફોર્મેટ સામેલ છે)
2. વીજ જોડાણ: સંબંધિત વીજ કંપની દ્વારા વીજ પુરવઠો કાપવામાં આવેલ હોય તો તે અંગેનો પત્ર (જો લાગુ પડતું હોય તો).
3. બેંક ગેરંટી: બોર્ડની પ્રવર્તમાન બેંક ગેરંટીની નિતિ મુજબ રાજયની શીડ્યુલ્ડ બેંકની **બેંક ગેરંટી**
4. જે એકમ પાસે CTE અને CCA ન હોય અને રિવોકેશનની અરજી કરવામાં આવે ત્યારે એકમે જો પ્લાન્ટ ચલાવવાનો હોય તો એકમે XGN 2.0 પોર્ટલ પર CTE અને CCAની અરજી પણ કરવાની રહેશે. CTE મંજૂર થયા બાદ એકમની રિવોકેશનની અરજી અંગે નિર્ણય લેવામાં આવશે.
5. જો એકમ પ્લાન્ટ ચલાવવાના ન હોય તેવા કિસ્સામાં એકમે સ્થળ પરથી પ્લાન્ટ ડિસ્મેન્ટલ કરી તેના ફોટોગ્રાફ અને જરૂરી ઉપરોક્ત દસ્તાવેજ સાથે અથવા ડિસ્મેન્ટલ માટે સમય મર્યાદા સાથે રિવોકેશન માટેની અરજી કરવાની રહેશે.
6. **અકસ્માત સંબંધિત દસ્તાવેજો:** જો ક્લોઝર ડાયરેક્શન કોઈ અકસ્માતના કારણે આપવામાં આવ્યું હોય તો,
   1. DISH દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અને તેની અમલીકરણ વિગતો (જો લાગુ પડતું હોય તો)
   2. સળગી ગયેલ મટીરિયલ અથવા વેસ્ટના પર્યાવરણીય સુરક્ષિત નિકાલ અંગેની જથ્થા સાથેની વિગતો (જો લાગુ પડતું હોય તો)
   3. PLI Policy (જો લાગુ પડતું હોય તો)

આ પરિપત્રનો અમલ હવે પછી કરવામાં આવતી રિવોકેશનની તમામ અરજીઓ માટે કરવાનો રહેશે.

**(દિપાલી ટાંક)**

**સભ્ય સચિવ**

**File No.GPCB/PUR/e-file/128/2026/0390/Legal/1/2026** **Date: as per E-sign**

નકલ રવાના,

1. તમામ અધિકારીશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
2. માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
3. સભ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ.

*Signature Not Verified*

*Signed by:DIPALI ALPESH TANK*
*Member Secretary*
*Date:2026.07.02*
*19:35:49 +5:30*